પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૨૫, કુલ પાના:૪, તારીખ: ૧૮-૦૫-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 225 PRICE :-RS. 1.50 DATE : 18-05-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# તાઉતે વાવાઝોડું દીવના વણાંકબારાએ ટકરાયું, ૯-૩૦ કલાકે ૧૩૩ કિમી ઝડપે પવન ફૂંકાયો

ગાંધીનગર,
શક્તિશાળી વાવાઝોડું તાઉતે ગુજરાતના દરિયાકિનારે ટકરાઈ ચૂક્યુ છે. હવામાન વિભાગે આ અંગે સત્તાવાર જાહેરાત કરી દીધી છે. વાવાઝોડાના લીધે ગુજરાતના ચાર જીલ્લાઓમાં ભારે વરસાદ થવાની શક્યતાઓ છે. તો આગામી બે કલાકમાં લેંડફોલની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.



કે, તાઉતે વાવાઝોડું દીવ અને ઉના વચ્ચે આવી ચુક્યું છે. ભારે પવન અને વરસાદ શરૂ થયા છે. વાવાઝોડાને સંપૂર્ણપણે લેન્ડફોલ થતાં ૨ કલાક લાગશે. અને ત્યારબાદ રાજ્ય પરથી વાવાઝોડાને પસાર થતા અન્ય ૨ કલાક લાગશે. આમ રાત્રીના ૧ વાગ્યા સુધી વાવાઝોડું અને તેને પગલે વરસાદ–ભારેપવન ફૂંકાવાનું ચાલુ રહેશે.

દ્વારકા, જામનગર અને રાજકોટમાં ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાક ગતિનો ભારે પવન ફૂંકાશે તથા આણંદ ભરૂચ અને અમદાવાદના ધોલેરા વિસ્તારમાં પણ વાવાઝોડાની અસર વર્તાશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણી SEOCની મુલાકાતે પહોચ્યા છે. તેમણે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં સમીક્ષા કરવા

- વાવાઝોડાને પસાર થતા ૨ કલાક લાગશે.
- ગીર સોમનાથ, અમરેલી, જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં વાવાઝોડાની સૌથી વધુ અસર.
- ૧૫૦ કિલોમીટરની પ્રતિ કલાકની ગતિ સાથે ભારે પવન.
- પોરબંદર, દ્વારકા, જામનગર અને રાજકોટમાં ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાક ગતિનો ભારે પવન.

**દીવ**



વાવાઝોડું નજીક આવતા દીવમાં ૧૦૦ કિમીથી વધુ ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. દીવમાં પહેલીવાર દરિયાના પાણી રસ્તા પર આવી ગયા છે. તો દીવમાં સાંજથી વિજ પુરવઠો પણ ખોરવાઈ ગયો છે. તો ઠેર ઠેર વૃક્ષો પણ ધરાશાયી થયા છે.

**ગીર સોમનાથ**



ગીરસોમનાથના દરિયામાં હાલ ભારે કરંટ જોવા મળી રહયો છે. ભારે પવનો સાથે દરિયો તોફાની બન્યો છે. જેમ જેમ વાવાઝોડું નજીક આવી રહ્યુ છે તેમ તેમ દરિયો રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે.

**અમદાવાદ**



વાવાઝોડાને લીધે અમદાવાદમાં ભારે પવન સાથે વરસાદ થયો છે. ભારે વરસાદના કારણે અમદાવાદના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. અમદાવાદના એસ.જી.હાઈવે, શ્યામલ, નહેરૂનગર, વેજલપુર, મણીનગર, ચાંદખેડા, માણેકબાગ સહીતના વિસ્તારોમાં વરસાદથી વાતવરણમાં ઠંડક પ્રસરી છે.

**મહુવા**



વાવાઝોડાને લીધુ ભાવનગરના મહુવામાં ૮૦ થી વધારે ઝડપે પવન ફૂંકાયો છે. ભારે પવનને કારણે મહુવા શહેરનો વીજપુરવઠો બંધ કરી દેવામાં આવ્યો છે. જ્યારે મહુવા તાલુકાના ૧૩ ગામોમાં એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે મહુવામાંથી ૯ હજાર લોકોને સલામત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે ઉપસ્થિત રહી તાઉતે વાવાઝોડાના લેન્ડફોલ અને રાજ્ય પરથી પસાર થવાની સંપૂર્ણ પ્રક્રિયા પર નજર રાખી રહ્યા છે. તેમણે મોડી રાત્રે ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં મુખ્ય સચિવ સહિત રાજ્ય સરકારના તમામ વિભાગના વરિષ્ઠ સચિવો સાથે સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજીને આ વાવાઝોડાની ગતિ, સ્થિતી અને તીવ્રતા વિશેની રજેરજની માહિતી મેળવી હતી.

આ સમીક્ષા બેઠક સંદર્ભમાં વિગતો આપતા જણાવ્યું તેમણે કહ્યું કે, ગીર સોમનાથ, અમરેલી, જૂનાગઢ અને ભાવનગર એમ ચાર જિલ્લામાં વાવાઝોડાની સૌથી વધુ અસર રહેશે અને ૧૫૦ કિલોમીટરની પ્રતિ કલાકની ગતિ સાથે ભારે પવન ફૂંકાશે. પોરબંદર, પહોચ્યા છે. તેમણે તાઉતે વાવાઝોડા અંગે અંતિમ સ્થિતિની માહિતી લીધી છે. તેમની સાથે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજ કુમાર પણ હાજર છે. મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણી એ ગુજરાત પર આવી રહેલા સંભવિત વાવાઝોડા ની સ્થિતિની છેલ્લા માં છેલ્લી પરિસ્થિતિ નો તાગ મેળવવા આજે રાત્રે ગાંધીનગર માં સ્ટેટ કન્ટ્રોલ રૂમ પહોંચીને દરિયા કાંઠા ના જિલ્લાઓ સહિત રાજ્યની સ્થિતિની સમીક્ષા કલેકટરો સાથે વીડિયો કોન્ફરન્સ થી કરી હતી. મુખ્ય સચિવ અનિલ મૂકીમ મુખ્યમંત્રીના અગ્ર મુખ્ય સચિવ કૈલાસ નાથન મહેસૂલ ના અધિક મુખ્ય સચિવ પંકજ કુમાર સહિત ના વરિષ્ઠ સચિવો આ બેઠક માં જોડાયા છે.

# કોરોના-બ્લેક ફંગસ વચ્ચે વાઈરલ ફિવરના કેસ વધવાની આશંકા

અમદાવાદ,
તૌકતે વાવાઝોડાને કારણે શરુ થયેલા કમોસમી વરસાદે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચિંતા વધારી છે. કારણ કે કોરોનાની સાથે બેવડી ઋતુના કારણે વાઈરલ ફીવરના કેસો વધી શકે છે. તેમજ શરદી-ઉધરસ જેવા સામાન્ય લક્ષણવાળા દર્દીઓ વધવાનું જોખમ હોવાથી તંત્રે ખડેપગે રહેવું પડશે.



કોરોનાની બીજી લહેર માંડ થોડીઘણી ઘટી રહી હતી. ત્યાં કમસોમી વરસાદને કારણે કોરોના ફરી ઉથલો મારી શકે, તેવી સંભાવના પણ રહેલી છે.

તૌકતે વાવાઝોડાની પૂર્વ અસરના પગલે વાતાવરણમાં પલટો આવી ગયો છે. અમદાવાદ સહિત રાજ્યના વિવિધ ભાગોમાં કમોસમી વરસાદ જોવા મળી રહ્યો છે. એક તરફ કોરોના વાઈરસનું સંક્રમણ અને બીજી તરફ બેવડી ઋતુના કારણે વાઈરલ ફિવરના કેસ વધી શકે છે જેની સીધી અસર એન્ટીજન અને આરટી-પીસીઆરના ટેસ્ટિંગ પર પડશે. જેનું ભારણ વધી શકે છે.

અમદાવાદ સહિત તમામ જિલ્લાઓના સંભવિત વાવાઝોડાની અસરને પહોંચી વળવા માટે તમામ વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. તૌકતે વાવાઝોડાના કારણે ગુજરાતના કોઈપણ જિલ્લામાં જાનમાલને નુકસાન ન થાય તે માટે તમામ કલેક્ટરો બેઠકો બોલાવી વિવિધ કચેરીઓના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપી રહ્યાં છે.

બીજી તરફ સંભવિત વાવાઝોડાંના કારણે વાતાવરણમાં પલટો આવ્યો છે. અમદાવાદ સહિતના જિલ્લા અને શહેરમાં ભારે પવન ફૂંકાઈ રહ્યો છે અને કેટલાંક ભાગોમાં કમોસમી વરસાદ પણ પડી રહ્યો છે. અમદાવાદમાં કોરોના દૈનિક કેસો ૨૫૦૦થી વધુ નોંધાઈ રહ્યા છે તેવા સંજોગોમાં કમોસમી વરસાદથી વાઈરલ ફિવરના કેસો વધી શકે છે.

બીજી બાજુ રાજ્યના ચાર મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં આંખોના રોગ બ્લેક ફંગસનું જોખમ પણ વધી રહ્યું છે. એટલે મ્યુનિસપલ તંત્રની ચારે બાજુ દોડધામ વદી જશે. ગઈ કાલે ૨૪ કલાકમાં ચાર મહાનગરોમાં ૧૦૦થી વધુ કેસ જોવા મળ્યા. કોરોના સંક્રમિત ડાયાબિટિસ, કેન્સર અને કિડનીના દર્દીઓમાં આ બીમારી ફેલાવવાની આશંકા વધુ હોય છે.

# ૧૭ જિલ્લાના ૬૫૫ સ્થાળાંતર કરવા પાત્ર ગામોમાંથી ૧ લાખથી વધુ નાગરિકોનું સ્થાળાંતર કરાયુ

ગાંધીનગર,
મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજ કુમારે જણાવ્યુ છે કે, રાજયમા પ્રવર્તી રહેલ તૌક તે વાવાઝોડા સંદર્ભે રાજય સરકાર દ્વારા ઝીરો કેઝ્યુલીટીના અભિગમ સાથે સમયબધ્ધ આયોજન અને અસરકારક કામગીરી કરવામા આવીરહી છે. જેના ભાગરૂપે સંભવિત અસર થનાર દરિયાકાઠાના ૧૭જિલ્લાના ૬૫૫ સ્થાળાંતર કરવા પાત્ર ગામોમાંથી એક લાખથી વધુ નાગરિકોને સલામત સ્થળે ખસેડી દેવાયા છે. સ્થળાંતર ની આ કામગીરી મોડી રાત સુધી ચાલી હતી અને આજે સવારે ૫.૦૦ વાગ્યાથી આ કામગીરી ફરી શરૂ કરી દેવાઈ છે.

મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજ કુમારે જણાવ્યુ છે કે, વાવાઝોડાની અસર ને પરિણામે રાજયમા વરસાદી માહૌલનુ વાતાવરણ સર્જાયુ છે અને રાજયમાં તા ૧૬-૫-૨૧ ના સવારના ૬.૦૦ કલાકથી ૧૭-૫-૨૧ ના સવારના ૬.૦૦ કલાક સુધીમાં ૨૧ જીલ્લાના ૮૪ તાલુકાઓમાં સામાન્યથી હળવો વરસાદ નોંધાયો છે. તે પૈકી ૬ તાલુકામાં ૧- ઈંચ જેટલો વરસાદ નોંધાયેલ છે. વાવાઝોડા થી થયેલ નુકસાન ને પહોંચી વળવા માટે રાજય સરકારે ૨૪૦ વન વિભાગની ૨૪૨ માર્ગ અને મકાન વિભાગની ટીમો તૈનાત કરી દેવાઈ છે જે રસ્તાઓ સહિત અન્ય ઝાડ પડવાથી બ્લોક થયેલા રસ્તાઓને પૂર્વવત કરવાની કામગીરી કરી રહી છે.

તેમણે ઉમેર્યુ કે,અસરગ્રસ્ત જિલ્લાઓમા ભારે પવન કે અન્ય કારણોસર વીજ પૂરવઠો ખોરવાય તો તેને પૂર્વવત કરવા માટે ૬૬૧ ટીમો ઉર્જા વિભાગ દ્વારા તૈનાત છે જે ચોવીસ કલાક કામગીરી કરી રહી છે. પાવર બ્રેકઅપની ૭૫૦ જેટલા પ્રશ્નો આવ્યા હતા એ પૈકી ૪૦૦થી વધુ પ્રશ્નોનુ નિરાકરણ કરી વીજ પુરવઠો પૂર્વવત કરી દેવાયો છે. એ જ રીતે નાગરિકોને આરોગ્ય લક્ષી સારવાર પૂરી પાડવાના હેતુસર આ વિસ્તારો માટે ૩૮૮ આરોગ્ય વિભાગની ટીમો તથા અન્ય સંકલનની કામગરી માટે ૩૧૯ મહેસુલી અધિકારીઓની ટીમો ત્વરીત પગલાં ભરવા માટે ડીપ્લોય કરવામાં આવી છે.

# કોરોનાની સ્પીડ પર બ્રેક : ૨૪ કલાકમાં ૨.૮૧ લાખ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,
ભારતમાં કોરોના વાયરસના કેસનો આંકડો ૨૫ દિવસ પછી ૩ લાખની નીચે નોંધાયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા સોમવારે જાહેર કરેલા આંકડા પ્રમાણે દેશમાં ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૨,૮૧,૩૮૬ કેસ નોંધાયા છે. ૨૨મી એપ્રિલના રોજ પહેલીવાર ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના કેસનો આંકડો ૩ લાખને પાર ગયો હતો.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા ૨૪ કલાકના આંકડા પ્રમાણે દેશમાં વધુ ૪,૧૦૬ લોકોના કોરોનાના કારણે મોત થયા છે. જેની સામે વધુ



૩,૭૮,૭૪૧ દર્દીઓ સાજા થયા છે. એટલે કે નવા કેસ અને સાજા થયેલા દર્દીઓ વચ્ચે ૯૭,૦૦૦ કરતા વધુનું અંતર છે.

ભારતમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૨,૪૯,૬૫,૪૬૩ થઈ ગયો છે જેની સામે ૨,૧૧,૭૪,૦૭૬ દર્દીઓ સાજા થયા ગઈ ગયા છે અને ૨,૭૪,૩૯૦ દર્દીઓના કોરોનાના લીધે મોત થઈ ગયા છે. દેશમાં સાજા થનારા દર્દીઓની સંખ્યા વધતા એક્ટિવ કેસની સંખ્યા ઘટી રહી છે, જે આંકડો ૩૫,૧૬,૯૯૭ થઈ ગયો છે.

આઈસીએમઆર મુજબ ૧૬ મે સુધીમાં ૩૧,૬૪,૨૩,૬૫૮ સેમ્પલ કોરોના ટેસ્ટ માટે લેવામાં આવ્યા છે, જેમાંથી ગઈકાલે ૧૫,૭૩,૫૧૫ સેમ્પલ લેવામાં આવ્યા છે.

હાલ કર્ણાટકા કોરોનાનું હોટસ્પોટ બનેલું છે કે જ્યાં સૌથી વધારે કોરોનાના ૬,૦૦,૧૬૮ એક્ટિવ કેસ છે જ્યારે બીજા નંબર પર મહારાષ્ટ્ર છે કે જ્યાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૪,૭૦,૫૯૫ છે. ભારતમાં કોરોનાના વાયરસ સામે લડવા માટે રસીના કુલ ૧૮,૨૯,૨૬,૪૬૦ ડોઝ આપવામાં આવ્યા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય મુજબ દેશમાં પોઝિટિવિટી રેટ ૧૬.૯૮% પર પહોંચ્યો છે. જ્યારે દેશનો રિકવરી રેટ સુધારા સાથે ૮૪.૨૫ પર પહોંચ્યો છે. જ્યારે મૃત્યુની ટકાવારી ૧.૦૯ પર પહોંચી છે.

ભારતમાં રોજ નોંધાતા કોરોના કુલ કેસમાંથી કર્ણાટકા, મહારાષ્ટ્ર, કેરળ, રાજસ્થાન અને તામિલનાડુ સહિતના ૧૦ રાજ્યોમાં ૭૪.૬૯% એક્ટિવ કેસ છે.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૩ એપ્રિલના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે.

# રેશન દુકાનો બધા દિવસ ખૂલી રાખવા રાજ્યોને કેન્દ્રનો આદેશ

ન્યુ દિલ્હી,
કેન્દ્ર સરકારે રેશનની દુકાનો બધા દિવસ ખૂલી રાખવાનો તમામ રાજયોને આદેશ આપ્યો હતો. ગરીબોને અનાજનું તેમ જ સબસિડીનું સમયસર અને સુરક્ષિત રીતે વિતરણ થઈ શકે તેની ખાતરી કરવા માટે રેશનની દુકાનો વધુ સમયગાળા માટે અને અઠવાડિયાના બધા જ દિવસે ખૂલી રાખવાની સરકારે હાકલ કરી હતી.

જોકે, આ સાથે જ સરકારે સોશિયલ ડિસ્ટન્સિંગનું અને કોરોનાની માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું પણ લોકોને જણાવ્યું હતું.

વર્તમાન લૉકડાઉન દરમિયાન રેશનની દુકાનોનો કામકાજનો સમય ઘટી ગયો હોવાને કારણે અનાજ મેળવવાને પાત્ર લાભાર્થીઓને તે માટે પૂરતો સમય નથી મળતો જેને કારણે તેઓ એ લાભથી વંચિત રહી જતા હોવાની રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા કરવામાં આવેલી ફરિયાદને પગલે કેન્દ્રના અન્ન ખાતા દ્વારા ૧૫ મેએ આ અંગેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી.

નેશનલ ફૂડ સિક્યોરિટી ઍક્ટ (એનએફએસએ) હેઠળ કેન્દ્ર સરકાર દેશના ૮૦ કરોડ કરતા પણ વધુ ગરીબોને રેશનની દુકાન મારફતે રૂ. ૧થી ૩ પ્રતિકિલોના ભાવે પાંચ કિલો અનાજ પૂરું પાડે છે.

આ ઉપરાંત પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (પીએમજીકેએવાય) હેઠળ દેશના આ જ ૮૦ કરોડ લાભાર્થીઓને વધારાનું પાંચ કિલો અનાજ મે અને જૂન એમ બે મહિના મફત પૂરું પાડવામાં આવશે.

# બંગાળમાં રાજનીતિ ગરમાવોઃ મમતા સરકારના મંત્રી-ધારાસભ્યોના ઘરે CBIના દરોડા

કલકત્તા,
પશ્ચિમ બંગાળમાં ૨૦૧૬ની વિધાનસભા ચૂંટણી પહેલા નારદા સ્ટિંગ ઑપરેશને ઘણું જ જોર પકડ્યું હતુ. ૨૦૨૧માં વિધાનસભા ચૂંટણી થઈ અને મમતા બેનર્જીની ફરીવાર સરકાર બની. આ દરમિયાન સીબીઆઈએ તૃણમૂલ કૉંગ્રેસ સરકારના મંત્રી ફિરહાદ હાકિમ અને સુબ્રત મુખર્જી ઉપરાંત ટીએમસી ધારાસભ્ય મદન મિત્રા અને પૂર્વ બીજેપી નેતા સોવન ચેટર્જીની ધરપકડ કરી છે. આ તમામની વચ્ચે મમતા બેનર્જી પણ સીબીઆઈ ઑફિસ પહોંચી ગયા છે. ટીએમસીના કાર્યકર્તાઓએ ભારે હોબાળો મચાવ્યો છે.

પશ્ચિમ બંગાળમાં ૨૦૧૬ની વિધાનસભા ચૂંટણીથી પહેલા નારદ સ્ટિંગ ટેપ સામે આવવાથી રાજકીય



જગતમાં ખળભળાટ મચી ગયો હતો. દાવો કરવામાં આવ્યો હતો કે તેને ૨૦૧૪માં બનાવવામાં આવી હતી અને આમાં ટીએમસીના મંત્રી, સાંસદ અને ધારાસભ્યો જેવા દેખાતા વ્યક્તિઓને એક કાલ્પનિક કંપનીના પ્રતિનિધિઓ પાસેથી કેશ લેતા જોવા મળ્યા હતા. સ્ટિંગ ઑપરેશન કથિત રીતે નારદ ન્યૂઝ પોર્ટલના મેથ્યૂ સેમ્યુઅલે કર્યું હતુ. આ કેસ કોલકાતા હાઈકોર્ટ પહોંચ્યો. માર્ચ ૨૦૧૭માં કૉર્ટે સ્ટિંગ ઑપરેશનની સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો. સીબીઆઈ અને ઈડીએ આ કેસની તપાસ શરૂ કરી હતી.

પશ્ચિમ બંગાળમાં ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીથી પહેલા તૃણમૂલ કૉંગ્રેસના અનેક નેતા સીબીઆઈ અને ઈડીની તપાસની રડાર પર હતા. નવેમ્બર ૨૦૨૦માં ઈડીએ નારદા સ્ટિંગ ઑપરેશનમાં પૂછપરછ માટે ટીએમસીના ૩ નેતાઓને નોટિસ મોકલીને ડૉક્યુમેન્ટ્સ માંગ્યા હતા. આમાં મંત્રી ફરહાદ હાકિમ, હાવડા સાંસદ પ્રસૂન બંદોપાધ્યાય અને પૂર્વ મંત્રી મદન મિત્રાની આવક અને ખર્ચનો હિસાબ માંગ્યો હતો. ઈડીએ સીબીઆઈની ફરિયાદના આધારે કથિત મની લૉન્ડ્રિંગમાં ૧૨ નેતાઓ અને એક આઈપીએસ ઉપરાંત ૧૪ અન્ય લોકોની વિરુદ્ધ કેસ નોંધ્યો હતો.

૧૩ લોકોમાં મદન મિત્રા, મુકુલ રૉય (અત્યારે બીજેપીમાં), સૌગત રૉય, સુલતાન અહમદ (૨૦૧૭માં નિધન), ઈકબાલ અહમદ, કાકોલી ઘોષ દસ્તીદાર, પ્રસૂન બંદોપાધ્યાય, સુવેંદુ અધિકારી (અત્યારે બીજેપીમાં), સોવન ચેટર્જી (બીજેપી છોડી), સુબ્રત મુખર્જી, ફિરહાદ હાકિમ, અપરૂપા પોદ્દાર અને આઈપીએસ સૈયદ હુસૈન મિર્ઝાનું નામ સામેલ હતુ. ઉલ્લેખનીય છે કે ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં સુવેંદુ અધિકારીએ મમતા બેનર્જીને નંદીગ્રામથી હરાવી દીધા. ત્યારબાદ તેમને બીજેપીએ નેતા વિપક્ષ બનાવ્યા છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

લોક સેવા ગ્રા. ભંડાર
મુ. મોદીની વાડી નં.૧, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

લોક સેવા ગ્રા. ભંડાર
મુ. યોગેશ્વર સોસાયટી, તા. ગોધરા

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં પર કોરોના પોઝીટીવ કેસ નોંધાયા



દાહોદ,
દાહોદ જિલ્લામાં આજે પર કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યાં છે. આ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૬૭૧૪ ને પાર થઈ ગયો છે. દાહોદ જિલ્લામાં કોરોનાના ઘટતાં કેસોને પગલે જિલ્લાવાસીઓ સહિત વહીવટી તંત્રએ રાહતનો દમ લીધો છે.

આર.ટી.પી.સી.આર. ના ૬૫૮ પૈકી ૪૦ અને રેપીટ ટેસ્ટના ૭૩૮ પૈકી ૧૨ મળી આઝે પર કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ પર પૈકી દાહોદ અર્બનમાંતી ૦૬, દાહોદ ગ્રામ્યમાંથી ૦૬, ઝાલોદ અર્બનમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૬, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૩, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૮, લીમખેડામાંથી ૦૨, સીંગવડમાંથી ૦૨, ગરબાડામાંથી ૦૮, ધાનુરમાંથી ૦૧, ફતેપુરામાંથી ૧૦ અને સંજેલીમાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં કોરોના કેસોમાં બે–ત્રણ દિવસથી ઘટાડો જોવા મળી રહ્યો છે. સાથે સાથે સાજા થતાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આજે ૧૦૯ દર્દીઓ કોરોનાથી સાજાં થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આજે વધુ ૦૨ દર્દીઓ કોરોનાથી જીવ ગુમાવતાં દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ મૃત્યુ આંક ૩૨૭ ને આબી ગયો છે. એક્ટીવ કેસોની સંખ્યા ૫૩૬ રહેવા પામી છે.

**દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા**

| |
|---|
| **: અર્બન વિસ્તારો :** |
| દાહોદ-૦૬ |
| ઝાલોદ-૦૧ |
| દે.બારીઆ-૦૩ |
| **: ગ્રામ્ય વિસ્તારોમાં :** |
| દાહોદ-૦૬ |
| ઝાલોદ-૦૬ |
| દે.બારીયા-૦૮ |
| લીમખેડા-૦૨ |
| સીંગવડ-૦૨ |
| ગરબાડા-૦૮ |
| ધાનપુર-૦૧ |
| ફતેપુરા-૧૦ |
| સંજેલી-૦૨ |

# દાહોદમાં તાઉ-તે ભરી પીવા માટે તંત્ર દ્વારા ૩૮ ટીમો બનાવાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
અરબી મહાસાગરમાં સર્જાયેલા તાઉ–તે ચક્રવાતની પૂરોગામી તથા અનુગામી અસરને પગલે દાહોદ જિલ્લામાં ભારે પવન ફૂંકાવા ઉપરાંત હળવા વરસાદ પડવાની શક્યતાને ધ્યાને રાખીને કોઈની જાનમાલની નુકાસાની ના થાય એ માટેની તૈયારીઓ કરવામાં આવી છે. ખાસ કરીને કોવિડની સ્થિતિને ધ્યાને રાખીને હોસ્પિટલમાં ઓક્સીજન અને વીજ પુરવઠો જળવાઈ રહે તેનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

કલેક્ટર વિજય ખરાડીએ ઉક્ત બાબતે જણાવ્યું છે કે, કોઈ પણ સ્થિતિને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા તૈયારીઓ કરી દેવામાં આવી છે. ભારે પવન ફૂંકાવાની શક્યતાને ધ્યાને રાખીને ખુલ્લામાં રહેતા પરિવારોને સલામત સ્થળે ખસેડવા માટે સૂચના આપવામાં આવી છે. જેથી કોઈ પણ પ્રકારની જાનહાની નિવારી શકાય.
દાહોદમાં વિવિધ વિભાગની કુલ ૩૮ ટીમો બનાવવામાં આવી છે. જેમાં વન વિભાગની ૯, માર્ગ અને મકાન વિભાગની બે ટીમ, વીજ કંપનીની ૧૦, આરોગ્યની ૮, મહેસુલ વિભાગની ૯ ટીમ બનાવવામાં આવી છે. આ ટીમો દ્વારા પૂર્વ તૈયારીઓ કરી દેવામાં આવી છે.

આરોગ્ય અધિકારીઓ દ્વારા દાહોદ જિલ્લાની સરકારી તથા બિન સરકારી કોવિડ હોસ્પિટલમાં તાઉ–તેના સંદર્ભમાં ચકાસણી કરવામાં આવી છે. જેમાં પાવર બેકઅપ, ફાયરની સુવિધાની ચકાસણી કરવામાં આવી છે. આ ઉપરાંત વન વિભાગની ટીમો દ્વારા રાજમાર્ગો ઉપર તૂટી પડે તેવી વૃક્ષોની ડાળીઓ કાપવામાં આવી છે.

ભારે પવન ફૂંકાવાના કારણે હોર્ડીંગ ઉડવાની ઘટના ટાળવા માટે નગરપાલિકાઓ દ્વારા ૭૩ હોર્ડીંગ્ઝ ઉતારવામાં આવ્યા છે. આ ઉપરાંત અનેક નાનામોટા બેનર ઉતારી લેવામાં આવ્યા છે.

દાહોદની હોસ્પિટલમાં ઓક્સીજન પહોંચાડવા માટે ગ્રિનકોરીડોર બનાવવામાં આવ્યા છે. આમ તો દાહોદમાં આવતા પ્રવાહી મેડિકલ ઓક્સીજનના ટેન્કરને ગ્રિન કોરીડોર મારફત તેના રિફિલિંગ પ્લાન્ટ સુધી લઈ જવામાં આવે છે. હવે, આ સ્થિતિને ધ્યાને રાખીને દાહોદમાં રિફિલિંગ પ્લાન્ટથી લઈ હોસ્પિટલ સુધીના રસ્તામાં કોઈ અવરોધ ઉભો ના થાય તેની તકેદારી રાખવામાં આવી છે.

# કડાણા જળાશય આધારિત પાણીની પાઈપ લાઈન છતાંય પીવાના પાણી માટે વલખા મારતા ગરાડુંના ગ્રામજનો



દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ગરાડુ ગામના બે ફળિયામાં પાણીની સુવિધા ન હોવાના કારણે ગ્રામજનો ઉનાળાના આકરા તાપમાં પાણી ભરવા માટે એક એક કિલોમીટર સુધી રઝળપાટ કરવા માટે મજબૂર બન્યા છે. અને ગામમાં એક હેડ પંપ અને એક કુવો હોવાથી અનેક ફળિયાનાં લોકો પાણી ભરવા આવતા હોય છે. ત્યારે હેંડ પંપ અને કુવો પર લોકોની પાણી ભરવા માટે સવારથી લાંબી કતારોમાં જોવા મળી રહ્યા છે. ત્યારે હમણાં કોરોના મહામારી ચાલી રહી છે. ત્યારે આ સમયે ગ્રામ્ય લેવલે સતત કેસોમાં નોંધપાત્ર વધારો થતો હોવાથી તંત્ર દ્વારા સતત કામગીરી કરવામાં આવતી હોય છે. ત્યારે ઝાલોદ તાલુકાના ગરાડુ ગામમાં આ રીતે પાણી ભરવા માટે મોટી કતારો લાગતી હોય છે. ત્યારે સોશિયલ ડિસ્ટન્સના પણ ધજાગરા ઉડી રહ્યા છે.અને કોરોનાનો સંક્રમણ વધવાની સંભાવનાઓ વધી રહી છે.

ઝાલોદના તાલુકાના ગરાડું ગ્રામવાસીઓ પાણીના સંકટ માટે ઝઝૂમી રહ્યા છે.તેમજ આમ આદમી પાર્ટી પ્રમુખ અનિલભાઈ ગરાસિયાની રજૂઆત બાદ સ્થળ પર જઈ રિયાલિટી ચેક કરતા ગ્રામવાસીઓ ખરેખર પાણીના સંકટ સામે હાલાકીનો સામનો કરવો પડી રહ્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે ઝાલોદ શહેર આસપાસના વિસ્તારોને સિંચાઈ તેમજ પીવાના પાણી પૂરૂં પાડતો વિશાળકાય માછલનાળા ડેમ હોવા છતાંય ગરાડુ ગામના લોકો મૂંગા પશુઓ તેમજ પીવાના પાણી માટે એક–એક કિલોમીટર દૂર આકરા તાપમાં કતારોમાં ઉભા રહી પાણી માટે ઝઝૂમી રહ્યા છે.

ઝાલોદ તાલુકાના ગરાડુ ગામમાં એક તળાવ હેડપંપો તેમજ કૂવાઓ આવેલા છે.જે પૈકી મોટાભાગના હેડપંપ બગડી જતા બંધ હાલતમાં છે. તેમજ તળાવનો પાણી સુકાઈ જતા કૂવાના તળ ઉંડા જતા રહ્યા છે. જે પડતા પર પાટુ સમાન છે. હાલ ગામમાં એક હેન્ડપંપ અને એક કૂવો હોવાથી કૂવામાં માંડ ૨ ફૂટ પણ પાણી ન મળતાં અને કુવામાં પાણી પણ ઉંડુ જતા રહેતા ગ્રામજનો ગંદુ અને ડહોલાયેલું પાણી પીવા મજબુર બન્યા છે.

- ધોમધખતા તાપમાં એક એક કિલોમીટર દૂર પીવાના પાણી માટે રઝળપાટ કરતી મહિલાઓ તેમજ બાળકો.
- ઝાલોદના ગરાડુ ગામમાં એક હેંડપંપ તેમજ એક જ કુવા પર પાણી ભરવા માટે લાંબી લાંબી લાઈનો લગાવતા ગ્રામજનો.
- ગામના મોટાભાગના હેડ પંપ બંધ હાલતમાંઃ કૂવામાં પાણીના તળ ઉંડા જતા ગંદુ તેમજ ડહોળાયેલું પાણી પીવા માટે ગ્રામજનો મજબૂર.
- ઝાલોદમાં માછણ નાળા ડેમ હોવા છતાં ગરાડુ ગામ પાણી માટે તરસ્યુ.
- પીવાના પાણી માટે ટાંકી તેમજ ગામમાં બંધ પડેલા બોર પુનઃ શરૂ કરાવવા ગ્રામજનોની માંગ.

## ગામના મોટાભાગના હેડ પંપ બંધ હાલતમાં : ઉનાળાના આકરા તાપમાં મહિલાઓ તેમજ બાળકો પાણી ભરવા માટે કતારોમાં

ગરાડું ગામના લોકો પાણી માટે વહેલી સવારના ૫ વાગ્યાથી પાણી ભરવા માટે નીકળી પડે છે. તેમાંય ગામમાં એક જ હેંડપંપ તેમજ કૂવો ચાલુ હોવાથી મહિલાઓ તેમજ બાળકો ઉનાળાના આકરા તાપમાં કતારોમાં ઉભા રહી પોતાનો નંબર આવવાની રાહ જોઈ રહ્યાં હોય છે. તોય લોકોને પાણી મળતું નથી.ગામમાં પશુપાલકો માટે તો પાણીએ બેવડો સંકટ સાબિત થઈ રહ્યો છે. માનવ તો દૂર પશુઓ માટે પણ પાણીની કોઈ સુવિધા ન હોવાથી આ વિસ્તારના લોકોની પોતાના સાથે મૂંગા પશુઓ માટે દૂર-દૂર થી પાણી લાવીને પાણી પીવડાવું પડે છે. તેવું સામે આવ્યું હતું. આમ ગામમાં તળાવ આવેલું છે. ગામનો તળાવમાં પણ પાણી સુકાઈ જવાથી પોતાના પશુ માટે પાણી લેવા માટે પશુપાલકો માટે પાણીનું બેવડું સંકટ માથે તોળાઈ રહ્યું છે. તેવું ગ્રામજનો દ્વારા જણાવાયું છે.

જળ સંકટના નિરાકરણ માટે ઉચ્ચ કક્ષાએ અનેકવાર રજૂઆતો કરવા છતાં પરિણામ શુન્યઃપશુઓ માટે પીવાના પાણી માટે ટાંકી તેમજ ગામમાં બંધ પડેલા બોર પુનઃ શરૂ કરાવી ટેન્કરો દ્વારા પાણી પુરૂ પાડવા ગ્રામજનોની માંગ.

ગરાડું ગામના સ્થાનિક લોકોની રજૂઆતના આધારે ત્રણ વર્ષથી હજી ગામમાં બોર કરવામાં આવ્યા નથી સરપંચ દ્વારા લોકો પાસેથી બોરના પૈસા ઉઘરાવી લેવામાં આવ્યા છે અને મંજુર થયેલા બોરના પૈસાની માગણી કરે છે. તેવા આક્ષેપો ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યા હતા. ત્યારે ગરાડુ ગામના સરપંચ અને સરકારી તંત્રને જાણ કરવાં છતાં કોઈ પણ સમસ્યાનો નિકાલ ન આવતા ગ્રામજનો દ્વારા આક્રોશ વ્યક્ત કર્યો હતો. ત્યારે આ મામલે તાત્કાલિક પીવાના પાણીની સમસ્યા હલ કરવાં આવે અને ઢોરો માટે ટાંકી બનાવી ટેન્કરોથી પાણી પૂરૂં પાડવામાં આવે એવી ગરાડુ ગ્રામજનો ની માંગ ઉઠવા પામી છે.

# તાઉ-તે વાવાઝોડાથી પાકનું રક્ષણ કરવા માટે ખેડૂતોને માર્ગદર્શન

દાહોદ,
હવામાન ખાતાની આગાહી અનુસાર હાલ સમગ્ર ગુજરાત રાજય તાઉ–તે વાવાઝોડાના કારણે દાહોદ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વાવાઝોડા તથા વરસાદી ઝાપટા પડવાની તેમજ વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતાઓ રહેલી છે. હાલમાં ખેતરમાં ઉભા પાક મગફળી, શાકભાજી, મગ અને ઘાસચારો વગેરે પાકોમાં ખેડૂતોએ સાવચેતી અને સલામતીના પગલાં લઈ ખેતી પાકોમાં જોખમ ઘટાડવા કાળજી લેવી આવશ્યક છે.

ભારે વરસાદ તથા વાવાઝોડાને ધ્યાને લઈ ખેડૂતોએ હાલ ઉનાળુ પાકમાં પિયત આપવાનું ટાળવું તથા કાપણી કરેલ હોય તો વરસાદથી ભીંજાય નહીં તે માટે કાપણી કરેલ તૈયાર પાક ગોડાઉન અથવા સુરક્ષિત જગ્યાએ રાખવા, ખેતરમાં ઉભા પાકોમાં પાણીની નીતારની વ્યવસ્થા આગોતરી કરવી જેથી વરસાદના પાણી ભરાઈ ના રહે તે માટેની કાળજી લેવી. હાલમાં ઉભા પાકમાં નાઈટ્રોજન યુક્ત એટલે કે યુરીયા ખાતર આપવાનું શક્ય હોય એટલું ટાળવું.

હાલમાં કોઈ પણ પાકમાં જંતુનાશક દવાનો છંટકાવ નહીં કરવામાં ભલામણ કરવામાં આવે છે. જરૂરિયાત મુજબની ચીજ વસ્તુઓ હાથવગી રાખવી ખેતરમાં રહેલ ઘાસચારાના ઢગલા વ્યવસ્થિત જગ્યાએ ઢાંકીને રાખવા. ફળપાકો અને શાકભાજી ઉતારીને બજારમાં વરસાદ પહેલ જ પહોચાડવા. એપીએમસી માં લઈ જતી ખેતપેદાશોને તાડપત્રીથી ઢાંકીને લઈ જવી. વાવાઝોડા, ભારે પવન તથા વરસાદના સંજોગોમાં પશુઓને યોગ્ય સુરક્ષિત જગ્યાએ રાખવા. પશુઓના શેડ ઉપરના પતરાં ઉડીના જાય તે મુજબની ફીટીંગ કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અપીલ કરાઈ છે.

# તાઉ તે વાઝોડાના પગલે દાહોદ બસ ડેપોએ તમામ બસ રૂટો બંધ કર્યા



દાહોદ,
તાઉ તે વાવાઝોડાના પગલે દાહોદ જિલ્લાનું મુખ્ય મથક એવા દાહોદ શહેરના મુખ્ય બસ સ્ટેશન ખાતે બસ ડેપો દ્વારા એસ.ટી. બસોના તમામ રૂટો બંધ કરી દીધા હોવાનું જાણવા મળી રહ્યું છે. અંદાજે ૫૫ થી ૬૦ જેટલી જુદા જુદા બસના રૂટો બંધ કરી દઈ બસ સ્ટેશન ખાલી કરાવવામાં પણ આવી રહ્યું છે.

તાઉ તે વાવાઝોડાના પગલે ગુજરાત રાજ્યમાં એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. આ સાથે એનડીઆરએફની ટીમોને પણ તૈનાત કરી દેવામાં આવી છે. ગઈકાલથી તાઉ પે વાવાઝોડાની અસરો જોવા મળી રહી છે અને દાહોદ શહેર સહિત જિલ્લામાં પણ ગઈકાલથી આ તાઉ તે વાવાઝોડાની અસરો જોવા મળી હતી અને આ વાવાઝોડામાં મુસાફરોને કોઈ પ્રકારની મુશ્કેલીનો સામનો ન કરવો પડે અને તકેદારીના ભાગરૂપે દાહોદના મુખ્ય બસ સ્ટેશનની અંદાજે ૫૫ થી ૬૦ જેટલી બસો બંધ કરી દેવામાં આવી છે. તમામ રૂટો હાલ નિર્ધારીત સમય માટે બંધ કરી દેવામાં આવ્યાં છે. સાઉથ ઝોન, સૌરાષ્ટ્ર અને કચ્છ જતી તમામ બસો બંધ કરી દેવામાં આવી છે. આ સિવાયની બસોના રૂટો પણ બંધ કરી દેવામાં આવ્યાં છે. જે મુસાફરોએ એડવાન્સ બુકીંગ કર્યું હતું. તેઓને દાહોદ એસ.ટી. ડેપો દ્વારા રીફંડ પણ આપી દીધું છે ત્યારે આ રૂટો કેટલા દિવસો માટે બંધ કરવામાં આવ્યાં છે તે હાલ જાણી શકાયું નથી પરંતુ એસ.ટી. વિભાગને અને મુસાફરોને કોઈ નુકસાન અને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. બસ સ્ટેશનને ખાલી પણ કરવામાં આવી રહ્યું છે.

# સંજેલીમાં બીજા દિવસે પણ વરસાદી માહોલ જામ્યો

- સંજેલીમાં સામાન્ય વરસાદમાં પણ વીજળી ડુલ થવાની ઘટના સામાન્ય બની ગઈ છે.
- સંજેલીમાં તૌકતે વાવાઝોડાની અસર વચ્ચે વરસાદી માહોલ છવાયો.

સંજેલી,
સંજેલીમાં ગતરોજ થી તૌકતે વાવાઝોડાની અસર જોવા મળી રહી છે. તેની સાથે સાથે ગતરોજથી સંજેલીમાં છૂટો છવાયો વરસાદ રાત ભર વરસ્યો હતો. ત્યારે ૧૭ મી ના રોજ બપોરના અરસામાં એકાએક વાતાવરણમાં પલટો આવતા ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. આસમાનમાં વાદળોએ કાલી ચાદર પાથરી દીધી હતી. જેના કારણે સંજેલીમાં વાદળછાયું વાતાવરણ પર્વતી ઉઠવા પામ્યું હતું અને જોતજોતામાં મેહુલ્યો વરસ્યો હતો. જેના કારણે ચારેકોર રસ્તાઓ પાણી પાણી થઈ ગયા હતા. વરસાદી માહોલ ઠંડક પ્રસરી હતી તે વરસાદ બંધ થતાં ગરમીથી બાફ પ્રગટ થતાં નગરજનો બફાયા હતા.

સંજેલીમાં સામાન્ય વરસાદમાં વીજળી ડુલ થવાની ઘટના સામાન્ય બની ગઈ છે. વીજળી ડુલ થતા નગરજનોએ અંધારામાં રાત વિતાવવાની નોબત આવી હતી. જેને લઈ ગ્રામજનોમાં ભારે રોષ ભભૂકી ઉઠવા પામ્યો હતો અને તંત્ર સામે રોષ પ્રગટ કર્યો હતો. ગ્રામજનોએ લાગણી અને માંગણી છે વીજળી જવાની ઘટનાઓ બંધ કરી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે તેવી માંગ ઉઠવા વ્યાપી છે. સંજેલીમાં પડેલા વરસાદે ખેડૂતોને મુંજવણમાં મૂકી દીધા હતા. સતત બે દિવસથી છૂટો છવાયો વરસાદ ખાબકતા ખેડૂતોના ઉભા પાકને નુકશાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખેડૂતો વર્તુળોમાં વરસાદે ચિંતાનો વરસાદ પાથરી દીધો હતો.

# દાહોદ કસ્બા વિસ્તારમાં કત્તલ કરાયેલ વાછરડું અને એક જીવિત મળી આવી પોલીસે ફરિયાદ નોંધી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
હોદ શહેરના કસ્બા વિસ્તારમાં આજરોજ પોલીસે એક મકાનમાં ઓચિંતી તપાસ કરતાં એક વાછરડું કપાયેલી હાલતમાં મળી આવ્યું હતું જ્યારે એક જીવીત મળી આવતાં તેને નજીકની ગૌશાળા ખાતે મોકલી આપ્યું હતું. પોલીસને આવતી જોઈ ઘરધણી નાસી જવામાં સફળ રહ્યો હતો.

દાહોદ ગૌરક્ષક ટીમને મળેલ બાતમીના આધારે દાહોદ શહેર પોલીસને જાણ કરી સંયુક્ત ટીમે આજરોજ સવારના સમયે દાહોદ શહેરના કસ્બા વિસ્તાર ખાતે આવેલ એક રહેણાંક મકાનમાં ઓંચિતો છાપો મારતાં ગુલામગોશ ઉર્ફે (વકીલ) અબ્દુલ રજાક કુરેશી પોલીસને જોઈ નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે અને ગૌરક્ષકોની ટીમે મકાનની તલાસી લેતાં તેમાંથી એક વાછરડું કપાયેલી હાલતમાં મળી આવ્યું હતું જ્યારે એક જીવીત વાછરડાને બચાવી લઈ તેને નજીકની ગૌશાળા ખાતે મોકલી આપ્યું હતું. આ સંબંધે જાણવા મળ્યા અનુસાર, દાહોદ શહેર પોલીસે કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરી છે.

# દાહોદ યુનિટી ફાઉન્ડેશન દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કર્યું



દાહોદ,
હુસેની મસ્જિદ દાહોદ પાસે યુનિટી ફાઉન્ડેશન દાહોદ અને ડ્રીમ ડેસ્ટિનેશન દાહોદ દ્વારા સહયોગથી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દાહોદ દ્વારા કોરોના ગ્રસ્ત દર્દીઓ અને થેલેસેમિયાના દર્દીઓ માટે એક ખાસ બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આવી કપરી ગરમીના સમયે પણ મોટા પ્રમાણમાં ભાઈઓ બહેનોએ ૫૦થી વધુ બ્લડ ડોનેટ કર્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ મતી રીનાબેન પંચાલ સભ્ય ગોપી દેસાઈ અને સભ્ય ઝેનબબેન લીમડીવાળા હાજર રહી અને રક્તદાતા નો ઉત્સાહ વધાર્યો હતો. રેડક્રોસ સોસાયટીના ઉપપ્રમુખ દિનેશભાઈ શાહ, ખજાનચી વિકાસભાઈ ભુતા, ડો. ઈકબાલભાઈ લેનવાલા, નરેશભાઈ ચાવડા, સાબીરભાઈ શેખ, નરેન્દ્ર પરમાર સહિત બ્લડ બેંકના સ્ટાફે સુંદર કામગીરી કરી હતી. યુનિટી ફાઉન્ડેશન દ્વારા દરેક રક્તદાતાઓને એક વૃક્ષનો રોપો પ્રદાન કરવામાં આવ્યો હતો. રેડક્રોસ સોસાયટી દ્વારા સર્ટીફિકેટ અને ગિફ્ટ આપી રક્તદાતાને પ્રોત્સાહિત કર્યા હતા.

# દાહોદ આશાવર્કર અને ફેસીલીટર દ્વારા પડતર માંગણીને લઈ કલેકટરને આવેદન

દાહોદ,
ગુજરાત જનરલ કામદાર એસોસીએશન, દાહોદના આશા ફેસીલીટર અને આશા વર્કરો દ્વારા હાલ કોરોના મહામારીમાં પોતાના પરિવારને જોખમમાં મુકી કામ કરતાં ઓછા પગાર ધોરણે વધુ કામગીરી કરાવવા બાબતે તેમજ પોતાના વિવિધ પડતર પ્રશ્નો અને માંગણીઓ સંદર્ભે આજરોજ દાહોદ જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપ્યું હતું.

આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, દાહોદ જિલ્લામાં આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતાં એવા આશા ફેસીલીટર અને આશા વર્કર જેઓને દૈનીક માનદ વેતન તરીકે પગાર ચુકવાય છે. તો તેઓને કોરોના મહામારીમાં પોતાના પરિવાર જોખમમાં મુકી ફરજ બજાવતાં આશા ફેસીલીટર અને આશા વર્કર બહેનોને કોવીડ કેર સેન્ટર ખાતે ફરજ બજાવવી, પોઝીટીવ કેસોની મુલાકાત લેવી તથા પોઝીટીવ કેસોના કુંટુંબ વ્યક્તિની મુલાકાત વિગેરે બાબતે લઈને દાહોદ જિલ્લાના આરોગ્ય વિભાગમાં કામ કરતી આ બહેનોમાં કામના ભારણને પગલે અને ઓછા પગારમાં વધુ કામગીરી કરાવાતાં રોષની લાગણી ફેલાઈ છે. બહેનોને વીમો તેમજ જરૂરી સેફ્ટી, સાધનો, પીપીઈ કીટ નહીં અપાતાં હોવાના પણ આવેદનપત્રમાં આક્ષેપો કરવામાં આવ્યાં છે. સેફ્ટી, સાધનો, પીપીઈ કીટ તેમજ પોતાના વિવિધ પડતર પ્રશ્નો તેમજ માંગણી નહીં સંતોષાય તો ટુંક સમયમાં અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 225

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા તાલુકાના પૂર્વ વિસ્તારમાં આવેલ એક

# ગ્રામપંચાયતના ત.ક.મંત્રી દ્વારા માહિતી અધિકાર અધિનિયમના ધજાગરા...

**માહિતી અધિકાર અધિનયમ ૨૦૦૫ હેઠળ ગ્રામ પંચાયત વિસ્તારમાં સરકારશ્રી દ્વારા કરેલ વિકાસ કામોની માહિતી આપવામાં ત.ક.મંત્રી દ્વારા ઠાગા ઠૈયા...**




**ગોધરા તાલુકાના પૂર્વ વિસ્તારમાં આવેલ એક ગ્રામ પંચાયત વિસ્તારમાં સરકાર દ્વારા થયેલ વિકાસ કામોની માહિતી ના આપી માહિતી અધિકાર અધિનયમ ૨૦૦૫ ના કાયદાનું ઉલંઘન કરતા ગ્રામ પંચાયતના ત.ક.મંત્રી.**

**લોકોમાં થતી ચર્ચા ..... આ ગ્રામ પંચાયતના ત.ક.મંત્રી મહેરબાન... ! ગ્રામ પંચાયતના કહેવાતા સત્તાધીશો તેમજ વચેટીયા બન્યા પહેલવાન ..!!**

**આ ગ્રામ પંચાયતમાં ખાલી નામનો સરપંચ કેમ કે ગામના કહેવાતા બે - ચાર વચેટીયા કરી રહ્યા છે જબરો વહીવટ ... પ્રજામાં થતી ચર્ચાઓ..**

**ગોધરા તાલુકાના પૂર્વ વિસ્તારમાં આવેલ એક ગ્રામ પંચાયતમાં માહિતી અધિકાર હેઠળ ગામમાં કરેલ વિકાસ કામોની માહિતી માંગતા જે તે ગ્રામ પંચાયતના તલાટીએ સમય મર્યાદામાં માહિતી આપી નથી, તેના પાછળનું કારણ શું ..?? કે પછી ગામમાં ગણિયા ગાંઠિયા બની બેઠેલા રાજકારિણીયોના દબાણ...?**

**ક્યાંક એવું તો નથી ને કે, જે માહિતી માંગવવામાં આવેલ છે તે માહિતી આપવામાં આવે તો તેઓની નોકરી જોખમમાં મુકાઈ જાય ...? કે પછી ગાંધીછાપ નોટો તરે દબાઈ જઈને ગામમા થયેલ કામોમાં ગેરવહીવટ યા તો ભ્રષ્ટાચાર ઉપર પડદો તો નથી પાડી રહ્યા ને ..??**

## ગોધરા તાલુકાના પૂર્વ વિસ્તારમાં કઈ છે આ ગ્રામ પંચાયત અને માહિતી અધિકારની ઐસી કી તૈસી કરનાર કોણ છે આ તલાટી ..?? વધુ અહેવાલ ટુંક સમયમાં...

# પંચમહાલમાં સોમવારે ૧૦૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેર ઘાતક બની છે. બીજા વેવની શરૂઆતમાં શહેરી વિસ્તારોમાં કોરોના દર્દીઓની સંખ્યા વધી હતી. વહીવટી તંત્ર દ્વારા શહેરી વિસ્તારમાં કોરોના સંક્રમણ ઘટાડવા માટે આંશિક લોકડાઉન લાગુ કરવામાં આવતાં શહેરી વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસમાં આંશિક ઘટાડો જોવા મળ્યો છે. પરંતુ બીજી તરફ પંચમહાલ જીલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૫ કોરોના કેસ નવા નોંધાવા પામ્યા છે. વધતા જતા કોરોના કેસને લઈ વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર ચિંતીત બન્યું છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેરની ઘાતક અસર જોવા મળી છે. બીજા વેવના કોરોના સંક્રમણમાં મોટી સંખ્યા લોકો કોરોના સંક્રમણના ભરડામાં સપડાયા હતા. બીજા વેવમાં કોરોના સંક્રમિત દર્દીઓમાં ઓકસીજન લેવલ ઘટી જવાની સમસ્યા જોવા મળી હતી. ઓકસીજન બેડની સુવિધાના બીજા વેવની શરૂઆતમાં ઘટ હતી જેને લઈ અનેક દર્દીઓને ઓકસીજન વ્યવસ્થા ન મળતા જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. કોરોનાનું સંક્રમણ શહેરી વિસ્તારોમાં વધતા વહીવટી તંત્ર દ્વારા સંક્રમણની ચેઈન તોડવા માટે સ્વૈચ્છિક લોકડાઉન, આંશિક લોકડાઉનનો નિર્ણય લઈ ધંધા રોજગાર બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવતાં શહેરી વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસમાં આંશિક ઘટ જોવા મળી છે. જ્યારે બીજી તરફ પંચમહાલ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણ અને ભરડો લીધો છે. ગ્રામીણ વિસ્તારોમાં કોરોનાની બીજી લહેરની ઘાતક અસર વચ્ચે લગ્ન પ્રસંગો યોજાયા હતા અને આવા લગ્ન પ્રસંગોમાં કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવ્યું ન હતું. લોકો માસ્ક કે સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવાનું ટાળ્યું પરિણામો ગ્રામીણ વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસ વધારો થયો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં આઈસોલેશન કેર સેન્ટરો ઉભા કરવામાં આવ્યા હતા. સાથે ટેસ્ટીંગ વધારવામાં આવ્યું જેને લઈ કોરોના સંક્રમણના લક્ષણો ધરાવતા દર્દીને અલગ તારવીને આઈસોલેશન કેર સેન્ટર રાખવાના નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમ છતાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. જીલ્લામાં આજરોજ ૧૦૭ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જ્યારે ૧૨૯ દર્દીઓ કોરોનો માત આપીને સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કોરોના સંક્રમણના કેસને લઈ આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે.

**પંચમહાલ જીલ્લાની આજની કોરોના સ્થિતી**

| : શહેરી વિસ્તાર : |
|---|
| ગોધરા-૩૨ |
| **: ગ્રામ્ય વિસ્તાર :** |
| ગોધરા - ૧૧ |
| હાલોલ - ૦૪ |
| કાલોલ - ૦૫ |
| મોરવા(હ) - ૧૦ |
| જાંબુઘોડા - ૦૨ |
| શહેરા - ૩૫ |
| ઘોઘંબા - ૦૮ |
| **સક્રિય કેસ - ૧૩૧૬** |
| **રજા અપાઈ - ૧૨૯** |

# તાઉ-તે ચક્રવાતના પગલે ઉભી થનારી કોઈપણ વિપરીત સ્થિતિને પહોંચી વળવા તંત્ર સજ્જ

ગોધરા, અરબ સમુદ્રમાં ઉદભવેલા તાઉ-તે ચક્રવાતના પગલે પંચમહાલ જિલ્લામાં કલેક્ટર અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા સલામતીના આગોતરા પગલા હાથ ધરવામાં આવ્યા છે. હાલની સ્થિતિએ જિલ્લામાં આ ચક્રવાતના પગલે કોઈ ગંભીર અસરની આગાહી નથી પરંતુ કોઈપણ સંભવિત વિપરીત પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મહત્વપૂર્ણ સેવાઓ ખોરવાઈ નહીં તે સુનિશ્ચિત કરવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પૂર્વ તૈયારીઓની સમીક્ષા હાથ ધરતા જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ જણાવ્યું કે જિલ્લાની તમામ કોવિડ હોસ્પિટલોમાં જનરેટર સેટ્સની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. બધી હોસ્પિટલ્સમાં એર પ્રૂફિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. એમજીવીસીએલને સાથે રાખીને ઓલ્ટરનેટ ફિડર્સની વ્યવસ્થા કરવામાં આવી છે. હોસ્પિટલ્સમાં મેડિકલ ઉપકરણો સહિતના સાધનોને જો જનરેટર પર શિફ્ટ કરવાના થાય તો તે માટેની મોકડ્રીલ પણ પૂર્ણ કરવામાં આવી છે. હોસ્પિટલ્સ માટે ૨ દિવસ ચાલી શકે તેટલો ઓક્સિજનનો અનામત જથ્થો સુરક્ષિત કરવામાં આવ્યો છે. ૧૫૦ જેટલા જમ્બો સિલિન્ડર્સ ઓક્સિજનની કોઈ પણ પ્રકારની અછતને પહોંચી વળવા રિઝર્વ રખાયા છે. ભારે પવનો કે વરસાદની સ્થિતિમાં વીજપુરવઠાને લગતા પ્રશ્નો હોસ્પિટલ્સ સહિતના અગત્યના સ્થળોએ ન સર્જાય તે માટે ઉર્જા વિભાગના તેમજ આર એન્ડ બીના ઈલેક્ટ્રીકલ એન્જિનિયર્સને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત, તમામ નગરપાલિકા વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે પવન કે વરસાદના કારણે પડી જઈ ભયજનક બની શકતા હોર્ડિંગ્સ, થાંભલા ઉતારી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં સરપંચ, તલાટીના માધ્યમથી લોકોને આ સ્થિતિમાં ભયજનક બની શકે તેવા બાંધકામોમાં આશરો ન લેવા અને પૂરતા સલામત સ્થળે જવા, પશુઓને પણ સલામત સ્થળે રાખવા જણાવાયું છે. ખુલ્લામાં રહેલા કૃષિ પાકોને પણ નુકશાન ન થાય તેવા સ્થળે ખસેડવા સૂચના અપાઈ છે. આ ઉપરાંત પવનના કારણે વૃક્ષ પડવાના કારણે રોડ બ્લોકેજ થાય તો વૃક્ષ તુરંત હટાવી વાહનવ્યવહાર પૂર્વવત કરવા ટીમો તૈયાર રાખવા માર્ગ અને મકાન વિભાગ તથા વન વિભાગને સૂચના અપાઈ છે તેમજ આ વિભાગોની ટીમ દ્વારા સઘન પેટ્રોલિંગ પણ કરવામાં આવી રહ્યું છે. કલેક્ટરએ જિલ્લાના નાગરિકોને સત્તાવાર સિવાયની કોઈ પણ માહિતી ધ્યાને ન લેવા અને વહીવટીતંત્ર દ્વારા અપાયેલ સૂચનાઓનો અમલ કરવા અપીલ કરી છે. વહીવટીતંત્ર દ્વારા વરસાદ અને ભારે પવનની સ્થિતિમાં કોઈપણ વ્યક્તિ તેમના ઘરની બહાર રસ્તાઓ ઉપર અવર જવર ટાળે તેમજ વૃક્ષો,હોર્ડિંગ્સ થાંભલા નજીક ઉભા રહેવાથી સાવધ રહેવા જણાવાયું છે. આ ઉપરાંત મકાનોના ધાબા કે છાપરા ઉપર એવી વસ્તુઓ પડેલી કે જે ભારે પવનની ઉડીને જાન માલને નુકશાન કરે તેમ હોય તેવી તમામ વસ્તુઓને અત્યારથી સુરક્ષિત કરી ઉતારી લેવાની પણ સુચના અપાઈ છે. જિલ્લા કલેક્ટરએ આ આપદાને ધ્યાને લઈ તમામ સરકારી કર્મચારીઓની રજા રદ કરી છે અને મુખ્યાલય પર ઉપસ્થિત રહેવા આદેશ કર્યો છે.

કલેક્ટર કચેરી પરિસરમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખામાં કન્ટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત છે. આપત્તિના સમયમાં મદદ તથા માર્ગદર્શન માટે ફોન નંબર ૧૦૭૭ ઉપર ફોન કરી શકાય છે.

# પંચમહાલના હાલોલમાં મ્યુકોરમાઈકોસીસનના લક્ષણ ધરાવતા ડોકટરનું સારવાર દરમ્યાન મોત

ગોધરા, પંચમહાલ જીલ્લાના હાલોલમાં મ્યુકોરમાઈકોસીસ (બ્લેક ફંગલ)ના લક્ષણ ધરાવતો પ્રથમ કેસ નોંધાવા પામ્યો હતમો. નવી બ્લેક ફંગલ બિમારીનો કેસ હાલોલમાં નોંધાતા લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. બ્લેક ફંગલનો ભોગ બનેલ ખાનગી તબીબને સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું છે. હાલોલમાં બ્લેક ફંગલનો ભોગ બનેલ દર્દીના મોતના પગલે જીલ્લા આરોગ્ય તંત્ર નવી બિમારીને ચિંતીત બની અને સજ્જ બની છે.

કોરોના મહામારીનો માર છેલ્લ વર્ષથી લોકો ભોગવી રહ્યા છે. તેમાં પ્રથમ વેવ, બીજા વેવમાં અનેક લોકો સંક્રમણનો ભોગ બનતા જીવ ગુમાવ્યા છે. કોરોના મહામારીની બીજી લહેરના સંક્રમણનો ભય ઓછો થયો નથી. ત્યાં એક નવી બિમારી મ્યુકોરમાઈકોસીસ (બ્લેક ફંગલ) માંથુ ઉંચકી રહી છે. રાજયમાં અનેક લોકો બ્લેક ફંગલના શકંજામાં આવી ચુકયા છે. પંચમહાલ જીલ્લો નવી બિમારી બ્લેક ફંગલની બાકાત રહ્યો હતો. ત્યારે હાલોલમાં બ્લેક ફંગલના લક્ષણો ધરાવતો પ્રથમ કેસ નોંધાવા પામ્યો છે. હાલોલના ખાનગી તબીબ બ્લેક ફંગલ (મ્યુકોરમાઈકોસીસ)ની બિમારીના ભોગ બનતા સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવ્યો હતો. બ્લેક ફંગલના લક્ષણોવાળ દર્દીને વડોદરા ખસેડતા દવા સારવાર દરમ્યાન મોત ૈનિપજાવા પામ્યું છે. પંચમહાલના હાલોલમાં બ્લેક ફંગલનો પ્રથમ કેસ નોંધાવા પામ્યો હતો. તે દર્દીનું, સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું છે. આમ જીલ્લામાં કોરોના મહામારી બાદ બ્લેક ફંગલમાં એક દર્દીને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. જીલ્લામાં મ્યુકોરમાઈકોસીસના લક્ષણ ધરાવતા દર્દીના મોતના પગલે જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ સર્તક બન્યું છે. જીલ્લામાં નવી બિમારીને પહોંચી વળવા માટે તંત્ર સજ્જ બન્યું છે.

# કાલોલ તાલુકામાં કોન્ટ્રાકટો સુજલામ સુફલામ અભિયાન હેઠળ સોંપેલ કામોમાં કોવિડ-૧૯ ની ગાઈડ લાઈન તેમજ RTOના કાયદાને નેવે મુકયાં કે શું ?


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માચે મહિના પછી જાહેર માર્ગના કામોમાં આવતાં સાઈડ સોલ્ડરના કામો ધમધમી ઉઠ્યા છે. માર્ગ મકાન વિભાગ દ્વારા ટેન્ડરો બહાર પાડી રોડ બનાવવાની કામગીરી કોન્ટ્રાક્ટના ટેન્કર પાસ કરી સોંપવા આવે છે. પરંતુ કોન્ટ્રાક્ટ લાખો અને કરોડો રૂપિયા નાં કામોનો કોન્ટ્રાક્ટ લઈ ને સરકારની આંખમાં ધૂળ ખાતી ગ્રામ પંચાયતની પડતર કે ગૌચર જમીનો માંથી લાખો-કરોડો રૂપિયાની માટીનું ગેરકાયદેસર ખનન કરતા હોવાનાં ઘણાં કિસ્સાઓ બહાર આવતાં હતાં. હાલ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીના સંગ્રહ કરવા અને કોરોના કાળ દરમ્યાન શ્રમિકોને વેતન મળી રહે તે હેતુથી સરકાર દ્વારા તળાવો ઊંડા કરવા માટે " સુજલામ સુફલામ અભિયાન" યોજનાઓ શરૂ કરવામાં આવી છે. જેની કામગીરી સિંચાઈ વિભાગ તેમજ તાલુકા પંચાયતના ગ્રામ્ય પંચાયતને સોંપવામાં આવી છે. પરંતુ તેનો બહોળો ઉપયોગ કોન્ટ્રાક્ટો કરી રહ્યા છે. જોકે સુજલામ સુફલામ અભિયાન હેઠળ ખોદકામ કરેલ માટી સરકારી કામકાજ તેમજ ખેડુતોના ખેતરમાં પુરાણ અને જાહેર કાયો માટે ઉપયોગ માટે કરવાનો હોય છે. તદુપરાંત સુજલામ સુફલામ અભિયાન અંતર્ગત ચાલતાં કાર્યો સમયે હાલની કોવિડ-૧૯ ની સરકાર ની ગાઈડ લાઈનનું ચુસ્ત પાલન કરવાનો હુકમ કરવામાં આવતો હોય છે. પરંતુ કોન્ટ્રાક્ટરો દ્વારા રાખેલ વાહન ચાલકો ખુલ્લે ચોક ભંગ કરતાં હોય છે. કોન્ટ્રાક્ટો માગે મકાન વિભાગના કામોના ટેન્ડરો ભરી કામો મેળતા જ સરકારના કોવિડ-૧૯ અને આરટીઓના નિયમોનો સરેઆમ ભંગ કરતા હોય છે. જેવી પરીસ્થીતી કાલોલ તાલુકાના અલવા ગ્રામ પંચાયતના વિસ્તારમાં આવતાં તળાવની આપવામાં આવેલ કામગીરીમાં અંદાજીત ૨૫૦૦ ઘન મીટરનું ખોદકામ કરવાનો વર્કઓર્ડર આપવામાં આવેલ છે. જેની તમામ જવાબદારી વહીવટી તંત્ર ને સોંપવામાં આવી છે.પરંતુ કોન્ટ્રાક્ટ દ્વારા રાખેલ રોડનાં સાઈડ સોલ્ડેરના કામો માટે લીધેલ મંજૂરી હેઠળ ચાલતા કામગીરીમાં માટી ખેંચતા ટ્રેક્ટરોના ચાલકો કોવિડ અને આરટીઓનાં નિયમોનો સરેઆમ ભંગ કરતા હોય છે. કોન્ટ્રાક્ટો દ્વારા માટી ખેંચવા માટે મંગાવવામાં આવતા વાહન ચાલકોના મોં ઉપરના તો માસ્ક હોય છે કે ના તેમનું પાસે વાહન ચલાવવા માટેના યોગ્ય પુરાવાઓ ! જેથી જણાઈ આવે છે કે, કોન્ટ્રાક્ટ સરળ અને બચતના હેતું થી ચકાસણી ક્યો વગર જ કામકાજ માટે રાખી લેતાં હોય છે. જોકે આ બાબતે સામે સ્થાનિક મામલતદાર તેમજ પોલીસ તંત્ર ગોર નિંદ્રામાં હોય તેવું જોવા મળી રહે છે. સ્થાનિક પોલીસ પણ આમ પ્રજાને માસ્ક અને સોશિઅલ ડિસ્ટન્સ નું પાલન કરાવવામાં કડક કામગીરી કરતા હોય છે. પરંતુ આવાં મોટાં માથાં ઓ સામે કાર્યવાહી કેમ નહીં ? તેવા સળગતાં સવાલો ઉદભવે છે. કાલોલનું સ્થાનિક તંત્ર જાણવાં છતાં અંજાણ બની આંખ આડા કાન કરતું હોય તેવું જણાઈ આવે છે.

# પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં તોઉતે વાવાઝોડાની અસર ભારે પવન સાથે ધીમીધારે વરસાદ પડયો

ગોધરા, પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં તૌક તે વાવાઝોડાની અસર જોવા મળી રાત્રીના ૮.૩૦ વાગ્યાના સમયે ભારે પવન સાથે ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. જીલ્લામાં તૌક તે વાવાઝોડાની સંભવિત અસરને ધ્યાનમાં લઈ જીલ્લા વહીવટી તંત્ર સજજ બન્યું હતું.

ગોધરા શહેરમાં તૌક તો વાવાઝોડાની અસર જોવા મળી છે. રાત્રીના ૮ વાગ્યાના સમયે ભારે પવન સાથે ધીમી ધારે વરસાદ જોવા મળ્યો છે. પંચમહાલ જીલ્લામાં તૌક તે વાવાઝોડાની સંભવિત અસરને પહોંચી વળવા માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી છે. તૌક તે વાવાઝોડાની સંભવિત અસરને પહોંચી વળવા માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એલર્ટ થયું છે. જીલ્લાવાસીઓને વાવાઝોડાના સમય દરમ્યાન ઘરની બહાર નહિ નિકળવા સુચન કરાયું છે. મોડી રાત્રીના સમયે તૌક તેની અસર જીલ્લામાં દેખાશે.

# મોરવા હડફ બેઠક પરથી જીતેલા નિમિષાબેન સુથારે ધારાસભ્ય તરીકે લીધા શપથ


તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ), મોરવા હડફ બેઠક પર વિધાનસભાની પેટા ચૂંટણીમાં જીતેલા નિમિષા બેન સુથારે ધારાસભ્ય તરીકે શપથ લીધા હતા. નિમિષાબેન સુથારે વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીની હાજરીમાં શપથ લીધા હતા. આ દરમિયાન ગુજરાત ભાજપના અધ્યક્ષ સીઆર પાટીલ, પ્રદેશ ભાજપના મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા, ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, ધારાસભ્ય હર્ષ સંઘવી, ધારાસભ્ય રાકેશ શાહ, સાંસદ જશવંતસિંહ ભાભોર ઉપસ્થિત રહ્યા હતા.

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર નિમિષાબેન સુથારની ૪૫૪૩૨ મતે જીત થઈ હતી. નિમિષાબેન સુથારે કોંગ્રેસના ઉમેદવાર સુરેશ કટારાને હરાવ્યા હતા. ૧૭ એપ્રિલના રોજ યોજાયેલી ચૂંટણીમાં ૩૨૯ મતદાન મથકો પર વોટિંગ યોજાયું હતું. જેમાં ૪૫ ટકા જેટલું મતદાન થયું હતું.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગુજરાત રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ લીલાબેન અંકોલીયા મેડમ ની સૂચના અને માર્ગદર્શન હેઠળ નારી અદાલત પંચમહાલ જિલ્લાના જીલ્લા કો ઓર્ડીનેટ હિરલબેન પંડ્યા દ્વારા ગર્ભવતી મહિલાઓને કોરોના મહામારી વિશે માહિતી આપી તેની સામે રક્ષણ મેળવવા માટે સાબુ અને માસ્કની કીટનું વિતરણ કરવામાં આવ્યું અને કોઈ પણ પ્રકારની માહિતી કે તકલીફ માટે નારી અદાલત કચેરી આવવા માટે આહવન કરવામાં આવ્યું. તેમજ પંચમહાલ જિલ્લાના તમામ તાલુકાઓમાં ગર્ભવતી મહિલાઓ સાબુ અને માસ્ક ની કીટનું વિતરણ કરવામાં આવ્યું.